રાજ્ય સરકાર હેઠળની તમામ જગ્યાઓ/સેવાઓના ભરતી નિયમોમા બઢતીની જોગવાઇમા સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહિવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૧/૨૦૧૯/૪૪૩૪૨૧/ગ.પ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૧/૨૦૧૯

**વંચાણે લીધા:- જાહેરનામા ક્રમાંક:-જીએસ/૨૪/૨૦૧૯/સીઆરઆર/૧૧/૨૦૧૯/૪૪૩૪૨૧/ગ.પ.**
**તા.૨૩/૮/૨૦૧૯.**

**પરિપત્ર:-**

વંચાણે લીધેલ તા.૨૩-૮-૨૦૧૯ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૧૧(૩) તથા નિયમ ૧૧(૪) મા બઢતી આપવાના સિધ્ધાંતોમા ફેરફાર કરવામા આવેલ છે. આ ફેરફાર અન્વયે રાજ્ય સરકાર હેઠળની તમામ વર્ગ-૧ થી વર્ગ-૩ સંવર્ગોની જગ્યાઓના ભરતી નિયમોમા બઢતીની જોગવાઇમા ઉક્ત જાહેરનામાને અનુલક્ષીને સુધારો(Amendment) કરવાનો રહે છે.

આ સંદર્ભે નીચે મુજબની વિગતે ભરતી નિયમોની બઢતીની જોગવાઇમા સુધારો કરવા અંગેની દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

(૧) વર્ગ-૧ ની બીજા તબક્કાની જગ્યા પરથી વર્ગ-૧ની ઉપલી જગ્યાઓ પર બઢતી આપવા માટેના અગાઉના "પસંદગીના સિધ્ધાંતો"ના આધારે બઢતી આપવાની જોગવાઇ છે તે રદ્દ કરી આ સંવર્ગની જગ્યાઓ ઉપર બઢતી આપવા સારૂ "ઘણી સારી" (Very Good) ગુણકક્ષાનું ધોરણ નિયત કરવાનું રહે છે. જે અન્વયે જે કેડરના ભરતી નિયમોમાં "પસંદગીના સિધ્ધાંતો" ના આધારે બઢતીની જોગવાઇ છે તે તમામ ભરતી નિયમોમાં "by promotion of a person on the basis of the principle of selectivity within the zone of consideration irrespective of seniority in accordance with the provisions of the" ના સ્થાને " by promotion of a person who possess 'very good bench mark' for being considered fit for promotion within the zone of consideration as laid down in the" શબ્દો રાખવા અંગેનો સુધારો કરવાની દરખાસ્ત તાત્કાલિક અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૨) વર્ગ-૪ માંથી વર્ગ-૩ ની જગ્યા ઉપર, વર્ગ-૩ માંથી વર્ગ-૩ ની જગ્યા ઉપર, વર્ગ-૩ માંથી વર્ગ-૨ ની જગ્યા ઉપર, વર્ગ-૨ માંથી વર્ગ-૨ ની જગ્યા ઉપર તથા વર્ગ-૨ માંથી વર્ગ-૧ ની પ્રથમ તબક્કાની જગ્યા ઉપર બઢતી આપવા સારૂ "સારી" (Good) ગુણકક્ષાનું ધોરણ નિયત કરવાનું રહે છે. જે અન્વયે જે કેડરના ભરતી નિયમોમાં "by promotion of a person of proved merit and efficiency" ની જોગવાઇ છે તે તમામ ભરતી નિયમોમાં "by promotion of a person of proved merit and efficiency" ના સ્થાને "by promotion of a person who possess 'good bench mark' for being considered fit for promotion within the zone of consideration as laid down in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967" શબ્દો રાખવા અંગેનો સુધારો કરવાની દરખાસ્ત તાત્કાલિક અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

(3) જો વર્ગ-૧ સંવર્ગની પ્રથમ તબક્કાની જગ્યા ખતાના વડાનો દરજ્જો ધરાવતી હોય ત્યારે આવી જગ્યા ઉપર બઢતી આપવા સારૂ "ઘણી સારી" (Very Good) ગુણકક્ષાનું ધોરણ નિયત કરવાનું રહે છે. જે અન્વયે વર્ગ-૧ કેડરની પ્રથમ તબક્કાની જગા કે જે ખાતાના વડાનો દરજ્જો ધરાવે છે અને તે કેડરના ભરતી નિયમોમાં જો "by promotion of a person of proved merit and efficiency" ની જોગવાઇ છે તે તમામ કેડરના ભરતી નિયમોમાં "by promotion of a person of proved merit and efficiency" ના સ્થાને "by promotion of a person who possess 'very good bench mark' for being considered fit for promotion within the zone of consideration as laid down in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967" શબ્દો રાખવા અંગેનો સુધારો કરવાની દરખાસ્ત તાત્કાલિક અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એચ.મનસૂરી)
નાયબ સચિવ(ક.ગ. ૨)
સામાન્ય વહિવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી

- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો

  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.

- વેબ માસ્ટર,

  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.

- વિભાગના તમામ અધિકારીઓ/શાખાઓ.
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા